


Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ


સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-24 ■ અંક-28 ■ તા. 12-07-2020 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૨૭ હજાર કેસ,૫૧૯ના મોત



*ન્યુ દિલ્હી,તા.૧૧*

અનલોક-૨ના ૧૦મા દિવસે શુક્રવારે કોરોના વાઈરસે ભારતમાં હાહાકાર મચાવીને એક જ દિવસમાં ૨૭ હજાર કરતાં વધારે કેસો નોંધાયા છે, જે અત્યારસુધીમાં નોંધાયેલા કેસોમાં સૌથી વધુ કેસ છે,. આજે શનિવારે સવારે પૂરા થયેલા છેલ્લાં ૨૪ કલાકમાં વધુ ૫૧૯ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. તે સાથે જ કુલ કેસ વધીને ૮ લાખની ઉપર પહોંચી ગયો છે. કુલ કેસો હવે ૮ લાખ ૨૨ હજાર ૬૦૩ થયા છે. સારવાર હેઠળના કેસો વધીને ૨,૮૩,૮૭૫ પર પહોંચ્યા છે. જ્યારે સારવાર લઈને સાજા થયેલા લોકોની સંખ્યા ૫,૧૬,૨૦૬ પર પહોંચી છે. જે સારવાર હેઠળના કેસો કરતાં લગભગ બમણાંની નજીક છે. કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૨૨૧૨૩ સુધી પહોંચી ગઈ છે.દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો આતંક સતત વધી રહ્યો હોય તેમ અમેરિકા અને ભારતે જાણે કે એક સાથે કેસોમાં રેકોર્ડ બનાવ્યો હોય અમેરિકામાં એક જ દિવસમાં ૭૦ હજાર કરતાં વધુ કેસો તો ભારતમાં પણ એક જ દિવસમાં ૨૭ હજાર કરતાં વધુ કેસો નોંધાતા સત્તાવાળાઓમાં ચિંતા વ્યાપી છે. પૂણે અને પટણા સહિત કેટલાક શહેરોમાં આંશિક લોકડાઉન લગાવવાની ફરજ પડી છે.

દરમ્યાન, દેશમાં કોરોનાના કેસો વધવાની સાથે હવે કોરોનાથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ દિવસેને દિવસે વધી રહી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે શનિવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ૮,૨૦,૯૧૬ સુધી પહોંચી ગયા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૨૭૧૧૪ નવા કેસ નોંધાયા છે. મૃત્યુઆંક વધીને ૨૨,૧૫૨ પહોંચી ગયો છે. આ સાથે જ ભારત દેશ દુનિયાભરમાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં રશિયાને પાછળ છોડીને ત્રીજા ક્રમાંક પર પહોંચી ગયો છે.

ઉલ્લેખનીય છે કે યૂપીમાં ૫૫ કલાક માટેનું લૉકડાઉન લાગૂ કરાયું છે તો મહારાષ્ટ્રમાં ઉદ્ધવ સરકારે પુનામાં ૧૦ દિવસનું લૉકડાઉન લાગૂ કર્યું છે. કોરોના સંક્રમિત દર્દીની સંખ્યા ત્રણ દિવસમાં ૧ લાખને પાર કરી ચૂકી છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૬૨.૭૮ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૯૮૭૩ લોકો સાજા થયા છે. આ સાથે જ આ સાજા થયેલા લોકોનો આંકડો વધીને ૫,૧૫,૩૮૬ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના સારવાર હેઠળના કેસો એક્ટીવ કેસ કરતા વધારે થઈ ગઈ છે.જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૫૧૯ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૨૨,૧૨૩ સુધી પહોંચી ગઈ છે.

મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૨૩૮૪૬૧ કેસ નોંધાયા છે જયારે ૯૮૯૩ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૧૩૦૨૬૧ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૧૮૨૯ લોકો કાળનો કોળિયો બની ગયા છે. ત્યારબાદ દિલ્હીમાં ૧૦૯૧૪૦ કેસ નોંધાયા છે જયારે ૩૩૦૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. ગુજરાતમાં ૪૦૧૫૭ લોકો સંક્રમણમાં આવ્યા છે ૨૦૨૪ લોકોના મોત થયા છે.

## એઈમ્સના ડાયરેક્ટર ગુલેરિયાનો મત
## કોરોનાની ચેન તોડવા ૧૪ દિવસના લોકડાઉનની જરૂર

ન્યુ દિલ્હી,તા.૧૧: દેશમાં ઝડપથી વધી રહેલા કોરોના વાયરસના સંક્રમણને જોતા મોટા ભાગના રાજ્યોએ ફરી લોકડાઉનનો નિર્ણય કર્યો છે. જો કે આ આ લોકડાઉન રાજ્ય સરકાર તરફથી છે કેન્દ્ર સરકાર તરફથી નથી.પરંતુ કોરોનીની વિકટ બનતી પરિસ્થિતીને જોતા અખિલ ભારતિય આયુર્વિજ્ઞાન સંસ્થાનના ડાયરેક્ટર ડો.ગુલેરિયા રાજ્યોના લોકડાઉનમાં પોતાની સહમતી દર્શાવી છે. ડો ગુલેરિયાનું માનવુ છે કે ઓછા સમય માટે લોકડાઉનથી કોરોનાની ચેન નહીં તોડી શકાય જો કોરોનાની ચેન તોડવી હશે તો ઓછામાં ઓછુ ૧૪ દિવસના લોકડાઉનની ફરી જરૂર પડશે.

# દિલ્હીની તમામ સ્ટેટ યુનિવર્સિટીઓમાં સરકારે પરીક્ષા રદ કરી

ન્યુ દિલ્હી,તા.૧૧

કોરોના વાયરસની મહામારીને જોતા જિલ્હી સરકારે મોટો નિર્ણય લીધો છે. દિલ્હી સરકારે નક્કી કર્યું છે કે તેમની કોઈ સ્ટેટ યુનિવર્સિટીમાં હાલ કોઈ પરીક્ષાનું આયોજન નહીં કરવામાં આવે. તેમાં છેલ્લા વર્ષની પરીક્ષા પણ સામેલ છે. સ્ટુડન્ટ્સને ડિગ્રી યુનિવર્સિટી દ્વારા નક્કી મૂલ્યાંકન માપદંડોના હિસાબથી જ આપવામાં આવશે. દિલ્હીના ઉપ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ આ જાહેરાત કરી.


દિલ્હી સરકારની આઈપી યુનિવર્સિટી, આંબેડકર યુનિવર્સિટી, ડીટીયુ તથા અન્ય સંસ્થાઓમાં પરીક્ષા નહીં યોજાય. પરંતુ દિલ્હી યુનિવર્સિટી (ડીયુ) સાથે જોડાયેલા દિલ્દી સરકારની કોલેજો વિશે કેન્દ્રએ નિર્ણય લેવાનો રહેશે. દિલ્હી સરકારનું માનવું છે કે આવી સ્થિતિમાં જે સેમેસ્ટરમાં ભણાવાયું નથી તેમની પરીક્ષા લેવી મુશ્કેલ છે. સરકારનું માનવું છે કે આ સમયે મોટા નિર્ણય લેવા જોઈએ.

મનીષ સિસોદિયાએ તેની જાણકારી પ્રેસ કોન્ફરન્સમાં આપી. તેમણે કહ્યું કે, આખું સેમેસ્ટર અભ્યાસ નથી થયો તો એવામાં પરીક્ષા કેવી રીતે. તેમણે જણાવ્યું કે, યુનિવર્સિટીઓને એમ પણ કહેવાયું છે કે ડિગ્રી રોકીને ન રાખે. તેમણે જણાવ્યું કેસ અરવિંદ કેજરીવાલે દિલ્હી સાથે બાકીના રાજયોની પણ કેન્દ્રિય યુનિવર્સિટીઓને પરીક્ષા કેન્સલ કરવા માટે પત્ર લખ્યો છે.

આ પહેલા એચઆરડી મિનિસ્ટ્રીએ સોમવારે જાહેરાત કરી હતી કે યુનિવર્સિટીમાં છેલ્લા વર્ષની પરીક્ષા સપ્ટેમ્બરના અંત સુધીમાં કરાવવામાં આવશે.

આ પરીક્ષા જુલાઈમાં થવાની હતી, પરંતુ કોરોનાની મહામારીના કારણે તેને સપ્ટેમ્બરના અંત સુધીમાં ટાળી દેવામાં આવી. જોકે યુસીજીની નવી ગાઈડલાઈન્સ મુજબ, સપ્ટેમ્બરમાં છેલ્લા વર્ષની પરીક્ષામાં ભાગ ન લેનારા વિદ્યાર્થીઓને અન્ય તક મળશે અને યુનિવર્સિટી માટે સ્પેશિયલ પરીક્ષા લેવાશે.

## કોરોનાને કંટ્રોલ કરી શકાય છેઃ ડબલ્યુએચઓ ચીફ
# કોરોનાઃ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને મુંબઈની ધારાવી ઝૂંપડપટ્ટીને સફળ મૉડલ ગણાવ્યું



જિનિવા,તા.૧૧

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના પ્રમુખ ટેડ્રોસ અધનોમે કોરોના વાયરસ પર લગામ કસવામાં સારી સફળતા મેળવી હોય તેવા અનેક દેશોની પ્રશંસા કરી છે. આ દેશોમાં ઈટાલી, સ્પેન અને દક્ષિણ કોરિયાના નામનો સમાવેશ થાય છે. તે સિવાય એક નામ મુંબઈ ખાતે આવેલી વિશ્વની સૌથી મોટી ઝૂંપડપટ્ટી ધારાવીનું પણ છે. ટેડ્રોસે પોતાના સંબોધનમાં ધારાવીનો ઉલ્લેખ કરીને ધારાવીમાં કોરોના વાયરસ વિરૂદ્ધ જે કાર્યવાહી ચાલી રહી છે તેની પ્રશંસા કરી હતી.

ડબલ્યુએચઓના પ્રમુખ ટેડ્રોસે કહ્યું કે, 'કોરોના વાયરસ મામલે કેટલાક દેશોના ઉદાહરણ આપી શકાય તેમ છે. તેમાં ઈટાલી, સ્પેન અને દક્ષિણ કોરિયાનો સમાવેશ થાય છે. તેમાં મેગાસિટી મુંબઈના ગીચ વસ્તીવાળા ધારાવીનો પણ સમાવેશ થાય છે.

આ જગ્યાઓએ મોટા પાયે લોકોમાં જાગૃતિ અભિયાન (કોમ્યુનિટી એન્ગેજમેન્ટ) ચલાવાયું. કોરોના વાયરસની મૂળભૂત વાત ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને આઈસોલેશન સાથે સંકળાયેલી છે જેનું પૂરતું ધ્યાન રાખવામાં આવ્યું. કોરોના સંક્રમણ રોકવા અને તેનો અંત લાવવા તમામ બીમાર વ્યક્તિની સારવાર કરવામાં આવી.

'ટેડ્રોસના કહેવા પ્રમાણે આવી મહામારીની કમર તોડવા માટે સમગ્ર દુનિયાએ સાથે મળીને આક્રમક વલણ અપનાવવું પડશે. વિશ્વમાં આજે અનેક ઉદાહરણો છે જેનાથી ખબર પડે છે કે સંક્રમણનો દર ભલે તેજ હોય પરંતુ તેને કાબુમાં લઈ શકાય છે.સાથે જ તેમણે લોકોએ એકજૂથ થઈને કોરોના વિરૂદ્ધ લડવું પડશે આ વાત પર ભાર આપ્યો હતો. વધુમાં જણાવ્યું કે, આ મામલે દેશનું સક્ષમ નેતૃત્વ પણ મોટો રોલ ભજવે છે. અનેક દેશ જેમણે સંક્રમણને હળવાશથી લીધું અને લોકોને બહાર આવવા-જવાની છૂટ આપી ત્યાં કેસ ફરી વધવા લાગ્યા છે. ઉલ્લેખનીય છે કે, મુંબઈનું ધારાવી કોરોના સંક્રમણને લઈ ખૂબ જ ચર્ચામાં હતું અને ત્યાં દરરોજ અનેક કેસ સામે આવી રહ્યા હતા. પરંતુ ગુરૂવારે ધારાવીમાં માત્ર નવ જેટલા નવા કેસ સામે આવ્યા છે. આ સાથે જ ધારાવીમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૨,૩૪૭ થઈ ગઈ છે.

# વિકાસ દુબેના એન્કાઉન્ટર બાદ પોલીસના દરોડા, ગ્વાલિયરમાથી ૨ લોકોની ધરપકડ

લખનૌ/ગ્વાલિયર,તા.૧૧

ઉત્તરપ્રદેશના કાનપુરના બિકરૂ ગામમાં ૮ પોલીસકર્મીઓની હત્યા કરનાર હિસ્ટ્રીશીટર વિકાસ દુબે એક્રાઉન્ટરમાં ઠાર થયા બાદ પોલીસે તેના મદદગારો પર કારસો કસવાનું શરૂ કરી દીધું છે. શનિવારના રોજ ચૌબેપુર પોલીસે કાનપુર હત્યાકાંડમાં સામેલ બે ગુનેગારોની વિકાસ દુબેને શરણ આપવાના આરોપમાં ધરપકડ કરી લીધી. બંને લોકોની તેમના ઘરેથી ધરપકડ કરાઈ છે.મળતી માહિતી પ્રમાણે કાનપુરની ચૌબેપુર પોલીસે મધ્યપ્રદેશના ગ્વાલિયરથી ગુનાહિત પૃષ્ઠભૂમિવાળા બે લોકોની ધરપકડ કરી છે. બંનેની ઓળખ ઓમ પ્રકાશ પાંડેય અને અનિલ પાંડેય તરીકે કરાઈ છે.

આરોપ છે કે બંને વિકાસ દુબેના મદદગાર અને વાંછિત ગુનેગાર શશિકાંત પાંડેય અને શિવમ દુબેને પોતાને ત્યાં આશરો આપ્યો હતો. ધરપકડ બાદ બંને આરોપીઓની વિરૂદ્ધ આગળની કાર્યવાહી કરાય રહી છે.

બંનેની વિરૂદ્ધ ચૌબેપુર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાયો છે. તેમણે શનિવારના રોજ કોર્ટમાં હાજર કરાશે. ઉલ્લેખનીય છે કે ૨-૩ જુલાઈના રોજ કાનપુરના બિકરૂ ગામમાં ૮ પોલીસકર્મીની બેરહેમીથી હત્યાના કેસના મુખ્ય આરોપી વિકાસ દુબેનું શુક્રવારના રોજ એક્રાઉન્ટર કરી દેવાયું. મધ્યપ્રદેશના ઉજ્જૈનથી ધરપકડ બાદ કાનપુર લાવવા દરમ્યાન પોલીસની ગાડી પલટી ગઈ. આ દરમ્યાન વિકાસે પોલીસની પિસ્તોલ છીનવી ભાગવાની કોશિષ કરી હતી ત્યારબાદ તેને મારી નાંખ્યો.

# આમિર, શાહરૂખ, સલમાન કાયદાથી ઉપર છે? તેમની દુબઈ પ્રોપર્ટીની તપાસ થવી જોઈએ

ન્યુ દિલ્હી,તા.૧૧

બોલીવૂડના યુવા અભિનેતા સુશાંત સિંહ રાજપૂતની આત્મહત્યાનુ રહસ્ય હજી પણ અકબંધ છે.જોકે તેના કારણે બોલીવૂડમાં સગાવાદનો કદરુપો ચહેરો લોકોની સામે આવી ગયો છે.હવે આ વિવાદમાં ભાજપના સાંસદ સુબ્રમણ્યમ સ્વામી કુદી પડ્યા છે.સ્વામીએ પણ સુશાંતના આપઘાતની સીબીઆઈ તપાસની માંગણી કરી છે.એટલુ જ નહી સ્વામીએ સ્ફોટક નિવેદન આપતા કહ્યુ છે કે, બોલીવૂડના ત્રણ ખાન સુપરસ્ટાર આમિર, શાહરુખ અને સલમાન સુશાંતના મોત પર કેમ ચૂપ છે.આ ત્રણે અભિનેતાઓએ દુબઈમાં ખરીદેલી પ્રોપર્ટીની તપાસ થવી જોઈએ.તેમને કોણે દુબઈમાં પ્રોપર્ટી ગિફ્ટ આપી છે અને કેવી રીતે તેમણે તેની ખરીદી કરી છે તેની તપાસ જરૂરી છે.આ તપાસ ઈડી, સીબીઆઈ અને આઈટી વિભાગ દ્વારા થવી જોઈએ.શું આ ત્રણે અભિનેતા કાયદાથી પર છે.આ પહેલા સ્વામીએ કહ્યુ હતુ કે, સુશાંતના મામલામાં પોલીસ જે કહી રહી છે તે પ્રમાણે આ મામલો આત્મહત્યાનો છે તે સ્વીકારી લેવામાં આવે અથવા તો સુશાંત સિંહને આત્મહત્યા કરવા માટે મજબૂર કરાયો છે તેની તપાસ કરવામાં આવે તેના પર વકીલ ઈશકરણસિંહ ભંડારી સાથે મેં ચર્ચા કરી છે. સુશાંતના આપઘાતના મામલામાં પોલીસ અત્યાર સુધીમાં ૩૪ લોકોના નિવેદન રેકોર્ડ કરી ચુકી છે.

# અમેરિકામાં કોરોના વિસ્ફોટઃ ૨૪ કલાકમાં અધધ...૭૦ હજાર પોઝિટિવ કેસ



વોશિંગ્ટન,તા.૧૧

કોરોના વાયરસની મહામારીએ અમેરિકામાં રૂદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું છે. અહીં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૭૦૦૦૦ નવા કેસ નોંધાયા છે. વિશ્વના કોઈ પણ દેશમાં મહામારી શરૂ થયા બાદ આ સૌથી મોટો ઉછાળો છે. જોન હોપકિંસ યૂનિવર્સિટીના આંકડા અનુસાર અમેરિકામાં અત્યાર સુધીમાં કુલ ૩૧૮૩૮૫૬ લોકો કોરોનાની લપેટમાં આવી ચૂક્યા છે.

અમેરિકામાં છેલ્લા બે મહિનાની સરખામણીએ હવે દરરોજ કોરોનાના દર્દીઓની સંખ્યા બમણી ગતીથી વધી રહી છે. જોકે, મૃત્યુઆંક લગભગ અડધો થઈ ગયો છે. છેલ્લા બે મહિના દરમિયાન સૌથી વધારે મૃત્યુ દરરોજ બ્રાઝીલમાં થઈ રહી છે.વર્લ્ડોમીટર પ્રમાણે અમેરિકામાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા શનિવાર સવાર સુધીમાં ૩૩ લાખની નજીક પહોંચી ગઈ છે. જ્યારે કુલ ૧૩૬૬૫૨ લોકોના મોત નિપજ્યા છે. જોકે, ૧૪૫૪૦૦૦ લોકો સ્વસ્થ્ય પણ થઈ ચૂક્યા છે જે કુલ સંક્રમિતોના ૪૪ ટકા છે.તેમજ હોસ્પિટલમાં હજી પણ ૧૬૯૯૦૦૦ દર્દીઓની સારવાર ચાલી રહી છે, જે કુલ સંક્રમિતોના ૫૨ ટકા છે. અમેરિકામાં કુલ ચાર ટકા દર્દીઓ કોરોનાના કારણે મોતને ભેટ્યા છે. અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં સૌથી વધારે ૪૨૬૦૧૬ કેસ નોંધાયા છે. ફક્ત ન્યૂયોર્કમાં જ ૩૨૩૭૫ લોકોના મોત નિપજ્યા છે.દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૧૨૪૯૩૪૫૧ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૫૬૦૧૪૧ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૬૮૭૪૬૯૦ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે.

## શક્તિકાંત દાસે એસબીઈ બેકિંગ એન્ડ ઈકોનોમિક કોક્લેવ સંબોધી
# કોરોના છેલ્લા ૧૦૦ વર્ષનું સૌથી મોટું સ્વાસ્થ્ય અને આર્થિક સંકટઃ આરબીઆઈ ગવર્નર

ન્યુ દિલ્હી,તા.૧૧

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર સાતમી એસબીઈ બેક્િંગ એન્ડ ઈકોનોમિક કોક્લેવમાં સંબોધન કર્યુ હતું. વીડિયો કોન્ફરન્સ દ્વારા થઈ રહેલી બે દિવસીય કોક્લેવમાં તેમણે અર્થવ્યવસ્થાને લઈ મોટી વાત કહી હતી.

શક્તિકાંત દાસે કહ્યું હતું કે, કોવિડ-૧૯ છેલ્લા ૧૦૦ વર્ષમાં સૌથી ખરાબ સ્વાસ્થ્ય અને આર્થિક સંકટ છે. તેનાથી ઉત્પાદન અને નોકરીઓ પર નેગેટિવ પ્રભાવ પડ્યો છે. તેણે વિશ્વભરમાં વર્તમાન વ્યવસ્થા, શ્રમ અને કેપિટલ મૂવમેન્ટને ઓછી કરી છે.

તેમણે જણાવ્યું, ફેબ્રુઆરી ૨૦૧૯થી અમે કોવિડ-૧૯ની શરૂઆત સુધીમાં અમે રેપોરેટમાં ૧૩૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. મંદીનો સામનો કરવા આ ઘટાજો કરવામાં આવ્યો હતો. તે સમયે જે લાગી રહ્યું હતું તેને અમે એમપીસી પ્રસ્તાવમાં વિસ્તારથી જણાવ્યું હતું. તમે જાણો કે એમપીસી નિર્ણય લીધો કે રેપોરેટમા ૧૧૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરાશે. તેથી ફેબ્રુઆરી ૨૦૧૯થી આરબીઆઈએ ૨૫૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે.

આરબીઆઈ ગવર્નર મુજબ, કોરોના કાળે લોકોના જીવન અને રોજગારી પર ખતરો ઉભો કર્યો છે. આ સ્થિતિમાં રિઝર્વ બેંકના આ ઉપાયો મંદ પડી ગયેલી આર્થિક ગતિવિધિને વધારવા માટે હતા. આરબીઆઈ માટે આર્થિક વિકાસ સર્વોચ્ચ પ્રાથમિકતા છે. જેના માટે જરૂરી તમામ પગલા લેવામાં આવશે.શક્તિકાંત દાસના કહેવા મુજબસ કોરોના મહામારી આપણી આર્થિક અને નાણાકીય વ્યવસ્થાની મજબૂતી તથા લચીલાપણાને પારખવા માટેનો અત્યાર સુધીનો સૌથી મોટો ટેસ્ટ છે. જોખમોને ઓળખવા માટે આરબીઆઈએ પોતાનું મોનિટરિંગ તંત્ર વધારે મજબૂત કર્યુ છે.

## આતંકીઓ પાસેથી એકે-૪૭ અને અન્ય હથિયારો જપ્ત કરાયા
# કુપવાડામાં એલઓસી પર ઘૂસણખોરીનો નિષ્ફળ પ્રયાસઃ ૨ આતંકી ઠાર

શ્રીનગર,તા.૧૧

જમ્મુ-કાશ્મીરમાં સરહદ પારથી આતંકવાદીઓ ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યાં હતાં. જેના પર સેનાએ કાર્યવાહી કરતા ૨ આંતકીને ઠાર માર્યા છે. ઉત્તર કાશ્મીરના કુપવાડા જિલ્લામાં નિયંત્રણ રેખા (એલઓસી) પર આતંકીઓ ઘૂસણખોરીનો પ્રયાસ કરી કર્યો હતો.આ અંગે પોલીસે જણાવ્યું હતું કે, ઉત્તર કાશ્મીરીના કુપવાડા જિલ્લામાં ટીએમજી સેક્ટરમાં એલઓસી પર ઘૂસણખોરીનો પ્રયાસ થયો હતો. જેને ભારતીય સેનાએ નિષ્ફળ બનાવી કાર્યવાહી કરતા બે આતંકી ઠાર માર્યા છે, જો કે, હાલ સર્ચઓપરેશન ચાલી રહ્યુ છે.મહત્વનું છે કે, બારામુલાના નૌગામ સેક્ટરમાં શનિવાર સવારે ભારતીય સૈનિકોને નિયંત્રણ રેખાની બાજુમાં શંકાસ્પદ હિલચાલ જોવા મળી હતી. જેથી સેનાએ ઝડપી કાર્યવાહી કરી બે આતંકવાદીઓને ઠાર કર્યા હતા. માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી યુદ્ધમાં ઉપયોગમાં લેવાતા બે એકે-૪૭ અને અન્ય શસ્ત્રો મળી આવ્યાં છે.

# તંત્રી લેખ

## કુવૈતનો કાયદો ખાડી દેશોમાં રહેતા ભારતીયો માટે ખતરાની ઘંટી

૧૯૯૧નું વર્ષ વરસ ભારતીય અર્થવ્યવસ્થાના ઈતિહાસમાં કેટલાંક ખોટાં સીમા ચિહ્નો માટે હંમેશાં યાદ રહેવાનું છે.ભારતની વિદેશી મુદ્રાની અનામતોનું તળિયું દેખાઈ ગયું હતું. માંડ અઠવાડિયું ચાલે તેટલી વિદેશી મુદ્રાની પુરાંત ભારત પાસે હતી.આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે બીજો કોઈ રસ્તો દેખાતો નહોતો છેવટે ×ડૂબતો તરણું પકડે× તે રીતે જુલાઈ ૧૯૯૧માં ભારતીય રિઝર્વ બેંકે ૪૦ કરોડ ડૉલર જેટલું વિદેશી હૂંડિયામણ ઉછીનું લેવા માટે બૅંક ઑફ ઈંગ્લેન્ડ અને બેંક ઑફ જાપાન પાસે ૪૬.૯૧ ટન સોનું પોતાના અનામત ભંડારમાંથી ગીરવે મૂક્યું. આજે આપણે જુલાઈ ૨૦૨૦માં છીએ. સમગ્ર દેશને નીચાજોણું થાય એવી આ ઘટનાને ૩૦ વરસ થયાં.આ ત્રીસ વર્ષના સમયમાં પાસું પલટાયું છે. આજે આપણે ૫૦૫.૫૭ અબજ ડૉલર જેટલી ગંજાવર વિદેશી મુદ્રાના પહાડ ઉપર નિરાંતે બેઠાં છીએ.આ બધું શક્ય બન્યું તે માટેનો મજબૂત પાયો નાખનાર તત્કાલીન વડા પ્રધાન નરસિમ્હા રાવ હતા. જેમની ચાણક્ય બુદ્ધિ અને તે સમયે ઓછાં જાણીતા પણ વૈશ્વિક કક્ષાના અર્થશાસ્ત્રી ડૉ મનમોહન સિંહ દ્વારા લાગુ કરાયેલ ઉદારીકરણ અને આર્થિક નીતિ ૧૯૯૦થી ૧૯૯૫ના તેમના નાણામંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન આ દેશને એક મજબૂત પાયા પર પ્રસ્થાપિત કરી ગઈ.આને પરિણામે ક્યારે પણ ભારતને વિદેશી મુદ્રા ભંડારની દૃષ્ટિએ સોનું ગીરવે મૂકવું પડે તેવા દેવાળિયાપણાનો સામનો કરવો પડ્યો નથી.આ વ્યવસ્થાને પોષાતું એક મોટું પરિબળ અમેરિકા, યુએઈ, સાઉદી અરેબિયા, કતર, કુવૈત, ઓમાન, બ્રિટન, મલેશિયા, કૅનૅડા, હૉંગકૉંગ અને ઑસ્ટ્રેલિયા જેવા દેશોમાં રહેતા બિનનિવાસી ભારતીયો દ્વારા દેશમાં વિદેશી મુદ્રા રૂપે મોકલવામાં આવતા પૈસા છે.એક માહિતી મુજબ ભારતીય દુનિયામાં કોઈ પણ દેશના નાગરિકોની સરખામણીમાં સૌથી વધારે પૈસા પોતાને વતન મોકલે છે. ૨૦૧૯ના વર્ષમાં ભારતીયોએ ૮૩ અબજ અમેરિકન ડૉલર જેટલાં નાણાં વિદેશી મુદ્રા સ્વરૂપમાં આપણા દેશમાં મોકલ્યાં છે. ૨૦૧૯ના વરસમાં આપણે ક્રૂડ ઑઈલની આયાત કરી તેનું આયાત બિલ ૮૨ અબજ ડૉલર હતું.આ ઉપરથી ભારતીયો વતનથી દૂર રહીને, ઘણી હાડમારીઓ વેઠીને વિદેશથી જે પૈસા આપણને મોકલે છે તેની અગત્યતાનો ખ્યાલ આવશે.ખાડીના દેશો એટલે કે યુએઈ, સાઉદી અરેબિયા, કતર, કુવૈત અને ઓમાનમાંથી ૬૫ અબજ અમેરિકન ડૉલર (કુલ રેમિટન્સના ૭૮.૩૧ ટકા) આવ્યા હતા.છેલ્લા કેટલાક સમયથી કોવિડને કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં જે મંદી આવી છે એને કારણે ક્રૂડની ખપત અને ભાવ જેના ઉપર આ દેશોની અર્થવ્યવસ્થા નભે છે એમાં ઘણો મોટો ઘટાડો થયો છે. આને પરિણામે આ દેશોમાં પણ હવે બેકારી અને આવક સામે જાવકનું પ્રમાણ વધી જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે.આ દેશોની અર્થવ્યવસ્થા પર અન્ય દેશોમાંથી આવી ત્યાં કામ કરતા ભારતીય તેમજ બીજા નાગરિકોનું પ્રદાન મોટું છે.એક અંદાજ મુજબ ખાડીના દેશોમાં ૮૫ લાખ જેટલા ભારતીયો કામ કરે છે જેમાંથી બહુ ઓછા સરકારી નોકરીઓમાં અને બહુ વધારે પ્રમાણમાં લોકો લૉ-સ્કીલ કામોમાં જોતરાયેલા છે.૫૦ ડિગ્રી તાપમાનમાં ભારતીયો કામ કરે છે. મજૂર વસાહતમાં પુરતી સવલતો હોતી નથી, માલિકો તરફથી અત્યાચાર ગુજારવામાં આવે છે, વધારે કલાક કામ કરાવવામાં આવે છે અને શોષણ કરવામાં આવે છે તે બધું નફામાં.આમ છતાં અગવડો વેઠીને પણ આ લોકો કામ કરે છે, બે પૈસા બચાવે છે અને એ વતનમાં વિદેશી હૂંડિયામણ તરીકે મોકલે છે.અત્યાર સુધી આ લોકો કમાઉ દીકરા હતા પણ ક્રૂડના ભાવ ઘટી જતાં અને કોરોના વાઈરસની મહામારીને કારણે પોતાના દેશમાં કામ કરતા આ પરદેશીઓ માટે સ્થાનિક પ્રજાની નફરત વધતી ચાલી છે.આપણે એકલા યુએઈની વાત કરીએ તો લગભગ ૩૬ લાખ ભારતીયો યુએઈમાં રહે છે જે તેની ૨૭ ટકા વસતિ કરતાં વધારે છે. યુએઈ સમેત આરબ દેશો સાથેનાં આપણા સંબંધો સદીઓ પુરાણા છે.ઓમાનના અંતરિયાળ વિસ્તારમાં તો એક સમયે ભારતીય ચલણ ચાલતું અને ગુજરાતી ભાષા પણ બોલાતી.યુએઈમાં ૩૬ લાખ ભારતીયોમાંથી ૧૦ લાખ માત્ર કેરળના છે ત્યારબાદ ૪.૫૦ લાખ તમિલનાડુના છે. ગુજરાતીઓ સંખ્યાની દૃષ્ટિએ ઓછાં હશે પણ એમનાં આર્થિક હિતો બહુ મોટાં છે.

### સોમનાથમાં મુખ્યમંત્રીએ પરિવાર સાથે કરી પૂજા-અર્ચના

# સૌરાષ્ટ્રમાં વરસાદે સર્જેલી તારાજી મામલે વળતર માટે સર્વે કરીશું: રૂપાણી

### મુખ્યમંત્રીના હેલિકોપ્ટરમાં ટેકનિકલ ખામી સર્જાતા બાય રોડ પોરબંદર ગયા

ગીર સોમનાથ,તા.૧૧

રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી આજે સોમનાથ મંદિરમાં પહોંચ્યા છે. આજે વહેલી સવારે ગુજરાતના સીએમ વિજય રૂપાણી અને તેમના પત્ની અંજલીબેન સોમનાથ પહોંચીને પુજા-અર્ચના કરીને દર્શન કરીને પાવન થયા હતા. એટલું જ નહીં, ત્યાં તેમણે મહાદેવના જળાભિષેક સાથે મહાપૂજા કરી હતી. મુખ્યમંત્રીના આગમનને લઈને સોમનાથ મંદિરમાં પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. આખા મંદિરને છાવણીમાં ફેરવી નાંખવામાં આવ્યું હતું. આ વિશે મળતી માહિતી પ્રમાણે, વિજય રૂપાણીએ પરિવાર સાથે સોમનાથ પહોંચ્યા હતાં અને રાત્રિ રોકાણ પણ સોમનાથમાં જ કર્યું હતું. ત્યારે ગીર સોમનાથમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીના હેલિકોપ્ટરમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. સીએમ રૂપાણીનું હેલિકોપ્ટર ટેકનિકલ ખામીના કારણે બંધ થતાં મુખ્યમંત્રી વિજય રૂપાણી બાય રોડ પોરબંદર જવા રવાના થયાં હતાં.

આજે સવારે વિજય રૂપાણીએ પરિવાર સાથે પૂજા કરી હતી. મુખ્યમંત્રી અને તેમના પત્ની



અંજલિબેને સજોડે સોમનાથ મહાદેવના દર્શન કર્યાં હતાં જ્યાં પરિવાર સાથે વિશેષ પૂજા-અર્ચના કરી હતી. આ પ્રંસગે નીતિન ભારદ્વાજ, ધનસુખ ભંડેરી, ભાનુબેન બાબરિયા સહિતના લોકો જોડાયા હતાં. આ ઉપરાંત ગીર સોમનાથ જિલ્લા માં વધતા જતાં કોરોના કેસ ને લઈ જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ સાથે જિલ્લા ની સમીક્ષા બેઠક પણ યોજી હતી અને જિલ્લા માં કોરોના ના કેસ અને મૃત્યુ અંક વધે નહીં તે માટે તકેદારી રાખવા અને માસ્ક તેમજ સોશીયલ ડિસ્ટનસિંગ નું કડક પાલન કરાવવા સૂચના આપી હતી.

સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ મુદ્દે સીએમ રૂપાણીનુ નિવેદન સામે આવ્યું છે. હજુ તો વાવણી જ કરી હતી અને અચાનક વરસાદના કારણે ખેડૂતોને ભારે નુકસાની પહોંચી છે ત્યા આ અંગે સીએમ રૂપાણીએ ખેડૂતોને હૈયાધારણ આપી હતી. મુખ્યમંત્રી રૂપાણીએ આજે વરસાદને કારણે ખેડૂતોને થયેલા નુકસાન અંગે મહત્વનું નિવેદન આપ્યુ હતુ. તેમણે જણાવ્યું હતુ કે, નુકસાનનો સર્વે કરાશે. અને તે મુજબ મદદ કરવામાં આવશે. તેમણે ખેડૂતોને હૈયાધારણ આપતા જણાવ્યું હતુ કે, નુકસાનીનો સર્વે કરીને અમે ખેડૂતોને યોગ્ય વળતર ચૂકવવા અંગે જરૂર વિચારણા કરીશું. ભારે વરસાદને કારણે ખેડૂતોને ચોક્કસથી નુકસાન થયુ છે.

### માસ્ક ન પહેરનારા લોકો પાસેથી રાજકોટ પોલીસે ૧૦ દિવસમાં વસુલ્યો ૧.૪ કરોડ દંડ

રાજકોટ,તા.૧૧

ગુજરાતમાં કોરોના વાયરસે જોર પકડ્યું છે ત્યારે સરકાર તરફથી અનેક પગલાં લેવામાં આવી રહ્યા છે. પરંતુ બીજી તરફ ગુજરાતના કેટલાક લોકો પોતાની મનમાની ચલાવીને કાયદાની ઐસીતૈસી કરે છે. જોકે, આવા લોકોને પાઠ ભણાવવા માટે સરકાર દ્વારા દંડ વસૂલવામાં આવે છે. રાજકોટમાં ધીમે ધીમે કોરોના ફરી માંથુ ઉચકી રહ્યો છે. છતાં પણ રાજકોટના લોકો સુધરવાનું નામ નથી લેતા અને છેલ્લા ૧૦ દિવસમાં રાજકોટવાસીઓએ એક કરોડ રૂપિયાનો દંડ ભર્યો છે. જે રીતે સમગ્ર દેશમાં કોરોનાનું સંક્રમણ અટકાવવા લોકડાઉન કરવામાં આવ્યું છે.

લોકડાઉન પાંચમાં અનલોક એક પણ કરવામાં આવ્યું જેમાં ધંધા રોજગારને છૂટછાટ આપવામાં આવી છે જે રીતે લોકડાઉન દરમિયાન લોકોને ઘર બહાર નીકળવાની મનાઈ હતી ત્યારે પણ ઘણા લોકો ઘરની બહાર નીકળતા હતા તો બીજી તરફ માસ્ક વગર પણ ઘણા લોકો બહાર નીકળ્યા હતા. જોકે પોલીસે પણ આવા લોકો સામે કાર્યવાહી હાથ ધરી હતી. રાજકોટમાં અનલોક-૨ દરમિયાન લોકોએ નિયમોનો ભંગ કર્યો હતો જેમાં પોલીસે છેલ્લા ૧૦ જ દિવસમાં ૧ કરોડ ૪ લાખ ૪૫ હજાર ૮૦૦નો દંડ વસુલ કર્યો છે. રાત્રીના દસથી સવારના પાંચ સુધી કર્ફ્યુ પણ જાહેર થયો છે.તા. ૧/૭થી અનલોક-૨ના આજ સુધીના સમયગાળામાં એટલે કે દસ દિવસમાં શહેરની તમામ પોલીસે જાહેરનામા ભંગના કુલ ૬૦૯ ગુના દાખલ કર્યા છે અને ૪૬૫૨ વાહનો ડિટેઈન કર્યા છે.

### જીપીએસસીના પરિણામમાં ચેડા કરનાર શખ્સ સામે ફરિયાદ

ગાંધીનગર,તા.૧૧

સરકારી નોકરી મેળવવા એ ઉમેદવારે પરિણામ સાથે ચેડા કર્યા હોવાનુ સામે આવ્યું છે. જીપીએસસીના પરિણામમાં ચેડા કરનાર ભાવિક અડીએચા સામે સેક્ટર ૭ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ભાવિક જે અડીએચા નામનો આ યુવક કચ્છના અંજારનો રહેવાસી છે. તેણે પરિણામમાં પોતાનું નામ ઉમેરી નોકરી મેળવવા ખોટા દસ્તાવેજ ઉભા બનાવ્યા હતા. પરિણામ સાથે ચેડા કર્યા બાદ આરોપી યુવકે નોકરી આપવા માટે જીપીએસસીમાં અરજી કરી હતી. આ મામલે ગાંધીનગરના ડીવાયએસપી એમ. કે રાણાએ જણાવ્યુ કે,ભાવિક અડીએચાએ જીપીએસસીના નગરપાલિકા મુખ્ય અધિકારી વર્ગ-૨ના પરિણામમાં ચેડા કર્યા હતા. ફાલ્ગુન પંચાલ નામની વ્યક્તિના પરિણામની જગ્યાએ ભાવિક અડીએચાએ જીપીએસસીના પરિણામમાં ચેડાં કરીને નગરપાલિકામાં મુખ્ય અધિકારીની નોકરી માટે દાવો કર્યો હતો. આ મામલે જીપીએસસીએ સઘન તપાસ કરી હતી. તપાસ કરતા જાણવા મળ્યું કે, ભાવિકે જીપીએસસીની પરીક્ષા આપી જ ન હતી. ત્યારે જીપીએસસી દ્વારા ભાવિક અડીડેચાને હંમેશા માટે બ્લેક લિસ્ટ કરી દેવાયો છે. હવે ભાવિક જીપીએસસીની પરીક્ષા ક્યારેય આપી નહિ શકે.

### ગુજરાતમાં આંશિક લોકડાઉન લાગશે..!?

# ૧૯ જિલ્લા કલેક્ટર સાથે મુખ્ય સચિવે બેઠક યોજી: કડક અમલના આદેશ

*ગાંધીનગર,તા.૧૧*

ગુજરાતમાં દિન પ્રતિદિન વધી રહેલા કોરોનાના કેસોને કાબુમાં લેવા માટે સરકાર દ્વારા હજુ વધુ કડક પગલાં લેવાની તૈયારીમાં છે. જેમાં રાજયના મુખ્ય સચિવે કોરોના અસરગ્રસ્ત ૧૯ જિલ્લાના કલેક્ટર સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં નાગરિકો દ્વારા સોશિયલ ડિસ્ટન્સિંગ અને માસ્કનું પાલન કરવા સાથે અનલૉક બાદની કામગીરીની ચર્ચા થઈ હતી, સાથે સાથે જે વિસ્તારમાં કોરોના વધે છે ત્યાં આંશિક લોકડાઉન કરવું જોઈએ કે નહીં તેની પણ ગંભીર ચર્ચા કરવામાં આવી હતી.

રાજયના મુખ્ય સચિવ અનિલ મુકીમે ૧૯ જિલ્લામાં જયાં કોરોના સંક્રમણના કેસ વધ્યા છે તેના જિલ્લા કલેક્ટર તથા જિલ્લા વિકાસ અધિકારી અને અન્ય ઉચ્ચ અધિકારીઓની સાથે વીડિયો કોન્ફરન્સ બેઠક યોજીને અનલોકમાં પણ જે નિયમો આપવાના છે તેવા કડક અમલનો આદેશ આવ્યો છે. મુખ્ય સચિવે દરેક જિલ્લા કલેકટર પાસેથી તેમના ક્ષેત્રની સ્થિતિનો તાગ મેળવ્યો હતો. જો કે તંત્રએ હાલની સ્થિતિ માટે લોકોને જ જવાબદાર ઠેરવ્યા હતા કે લોકો માસ્ક પહેરતા નથી અને સોશિયલ ડિસ્ટન્સ જાળવતા નથી તેવી ફરિયાદ કરી માસ્ક માટેનો હાલનો દંડ રૂા.૨૦૦થી વધારીને રૂા.૧૦૦૦ સુધી કરવાની ભલામણ કરી હતી. તો કેટલાક અધિકારીઓએ આર્થિક કે ચોક્કસ ક્ષેત્રનું લોકડાઉન પણ જરૂરી હોવાનું મંતવ્ય વ્યક્ત કર્યું હતું.

તમામ અધિકારીઓને દરેક વિસ્તારમાં તકેદારી વધારવા લોકો માસ્ક સોશિયલ ડિસ્ટન્સ સહિતના ઉપાયોનો અમલ કરે તેવી સ્થિતિ ઉભી કરવા હવે સંભવિત કોરોના દર્દીઓ માયે આરોગ્ય સેતુ એપ. ડાઉનલોડ કરાવીને તેઓને નજર હેઠળ રાખવાની સૂચના આપી હતી. આ બેઠકમાં જે જિલ્લામાં કેસ વધતા જાય છે ત્યાં કોરોના દર્દીઓ માટેની સુવિધાની પણ સમીક્ષા કરી હતી અને આ સ્થિતિ પર સતત નજર રાખવા માટે ખાસ તાકીદ કરી હતી.

### પીએનબીમાં એક વર્ષની ફિક્સ ડિપોઝીટ માટે રકમ જમા કરાવી હતી

# બેંકના ડુપ્લિકેટ લેટરપેડ બનાવી ભેજાબાજે FDના ૧.૭૫ કરોડ ઉપાડી લીધા

વડોદરા,તા.૧૧

ગ્રાહકો પાસેથી લોનની બાકી પડેલી ૧.૭૫ કરોડ રૂપિયાની વસુલાત કરીને એક વર્ષની ફિક્સ ડિપોઝિટ માટે બેંકમાં જમા કરાવ્યા બાદ અજાણ્યા ભેજાબાજે બેંકોના ખોટા લેટરપેડ અને બનાવટી સિક્કાનો ઉપયોગ કરીને વ્યાજ સહિતની ૧,૭૫,૪૮,૫૪૪ રૂપિયાની માતબર રકમ ઉપાડી લીધી હતી.

આ મામલે વડોદરા ક્રાઈમ બ્રાંચમાં ગુનો નોંધાયો છે. પીએનબીમાં ૧૬ જાન્યુઆરીના રોજ એક વર્ષની ફિક્સ ડિપોઝીટ માટે રકમ જમા કરાવી હતી.ગુજરાત રાજ્ય ગાંધીનગરમાં જિલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓ વડોદરા તરીકે ફરજ બજાવતા તેમજ હાલમાં વડોદરાના રાવપુરા વિસ્તારમાં આવેલી અન્યોન્ય કો-ઓપરેટિવ બેંક લિમિટેડ ફડચા અધિકારી તરીકે ફરજ બજાવતા અર્જુનભાઈ ડામોરે ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવી હતી કે, જે બેંકનું લાયસન્સ રદ થયેલુ હોય અને જે બેંકમાંથી કોઈ ગ્રાહકે લોન લીધેલી હોવાથી, ત્યારબાદ ડિફોલ્ટર જાહેર થયેલી હોવાથી બાકી નીકળતી રકમ વ્યાજ સહિતની વસૂલ કરવાની કામગીરી કરી હતી. આ અરસામાં ગ્રાહકો પાસેથી લોનની બાકી પડેલી ૧.૭૫ કરોડ રૂપિયાની વસુલાત કરીને દિવાળીપુરા ખાતે આવેલી પંજાબ નેશનલ બેંકમાં ૧૬ જાન્યુઆરી-૨૦૨૦ના રોજ એક વર્ષની ફિક્સ ડિપોઝીટ માટે જમા કરાવ્યા હતા.દરમિયાન અજાણ્યા વ્યક્તિએ અન્યોન્ય બેંકના ખોટા લેટરપેડ ઉપર ડુપ્લિકેટ સિક્કાનો ઉપયોગ કર્યા બાદ પંજાબ નેશનલ બેંકની ફિક્સ ડિપોઝિટની બનાવટી રસીદ બનાવી હતી અને ફિક્સ ડિપોઝિટમાં રહેલ રકમ વ્યાજ સાથે ૧,૭૫,૪૮,૫૪૪ નો એબલ એટ કોલ્હાપુર ડિસ્ટ્રીકનો ડિમાન્ડ ડ્રાફ્ટ બનાવ્યો હતો અને બીજા પાસે ત્યારબાદ કારેલીબાગ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં અન્યોન્ય બેંકના ખોટા ડોક્યુમેન્ટનો ઉપયોગ કરી કરન્ટ ખાતુ ખોલાવીને નકલી સહી સિક્કા કરી ૧,૭૫,૪૮,૫૪૪ રૂપિયાની માતબર રકમ મેળવી લીધી હતી. આ ફરિયાદના આધારે ક્રાઈમ બ્રાન્ચ પોલીસે અજાણ્યા ભેજાબાજ વિરુદ્ધ છેતરપિંડી સહિતની કલમો હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગીર સોમનાથમાં ૮ કેસ અને રાજકોટમાં કોરોનાથી ૩નાં મોત

રાજકોટ,તા.૧૧

સૌરાષ્ટ્રમાં કોરોનાનો કહેર દિવસેને દિવસે વધી રહ્યો છે. ત્યારે ગીર સોમાથમાં ૮કેસ પોઝિટિવ આવ્યા છે. જ્યારે રાજકોટમાં આજે વધુ ૩ લોકોનાં મોત થયા છે. જેમાં એક દર્દીનો રિપોર્ટ આવે તે પહેલા જ મોત નિપજ્યું છે. રાજકોટના ૭૦ વર્ષીય વૃદ્ધનું અને વિંછીયાના ૫૫ વૃર્ષીય પુરૂષનું મોત નિપજ્યું છે. જ્યારે ભાવનગરમાં ગઈકાલે એક સાથે ૭૧ કેસ પોઝિટિવ આવતા ખળભળાટ મચી ગયો છે. જેથી તંત્રએ ૧૦૯ની જગ્યાએ ભાવનગર જિલ્લામાં ૨૨૫ વિસ્તારોને માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર કર્યાં છે. ગીર સોમનાથ જિલ્લામાં આજે વધુ ૮ કેસ પોઝિટિવ આવ્યાં છે. ઉનામાં ૪, રાડતમાં ૧, અંબાડામાં ૨ અને ફાટસરમાં એક કેસ પોઝિટિવ આવ્યો છે. મહત્વનું છએ કે ગઈકાલે એક સાથે ૧૦ કેસ પોઝિટિવ આવ્યા હતા.જ્યારે આજે વધુ ૮ કેસ પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગમાં દોડધામ મચી ગઈ છે. ગઈકાલે ભાવનગર શહેરના ૫૯ અને ગ્રામ્યમાંથી ૧૨ મળી ૭૧ પોઝિટિવ કેસ આવતા માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનનો વ્યાપ એકદમ વધી ગયો અને ૧૦૯ની જગ્યાએ ભાવનગર જિલ્લામાં ૨૨૫ વિસ્તારોને માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે.

જેમાં ભાવનગર શહેરના ૧૧૬ પાલિતાણામાં ૯ , મહુવામાં ૩૧, શિહોરમાં ૧૬, ગારીયાધારમાં ૮, ઉમરાળામાં ૧૦, તળાજામાં ૮, વલ્લભીપુરમાં ૧૪, ભાવનગર ગ્રામ્યમાં ૯, જેસરમાં ૪ મળી ૨૨૫ વિસ્તારોને માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન હેઠળ મુકવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગની ટીમે કોરોના દર્દીના સંપર્કમાં આવેલા લોકોને ક્વોરન્ટીન કરવાની અને કોન્ટેક ટ્રેસીંગની કામગીરી હાથ ધરી છે.

### ખાનગી ટ્રાવેલ્સે પણ અમદાવાદથી સુરતનું બુકિંગ બંધ કર્યું

# કોરોના સંકટ: સુરતથી અમદાવાદ આવતી-જતી એસટી બસો કરાઈ બંધ


સુરત,તા.૧૧

ગુજરાતમાં કોરોના વાયરસનો ખતરો વધ્યો છે. અમદાવાદ બાદ રાજકોટ અને સુરતમાં કોરોનાના દર્દીઓ કૂદકેને ભૂસકે વધી રહ્યા છે. ત્યારે હાલ સુરતથી અમદાવાદ આવતા લોકો માટે એક ખાસ સમાચાર મળી રહ્યા છે. સુરતમાં કોરોનાના કેસ વધતા અમદાવાદમાં એલર્ટ આપી દેવામાં આવ્યું છે. સુરતમાં કોરોનાનું સંક્રમણ અમદાવાદને ફરીથી ચેપગ્રસ્ત ન કરે તેના માટે તંત્ર દ્વારા આગમચેતી પગલા ભરવામાં આવી રહ્યા છે. હાલ તંત્ર દ્વારા સુરતથી આવતા તમામ લોકોનું ચેકિંગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે,જ્યારે આજે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં સુરતથી અમદાવાદ આવતી જતી એસટી બસનું સંચાલન બંધ કરવામાં આવ્યું છે. સુરતમાં કોરોનાના કેસ વધતા અમદાવાદમાં તેનો ચેપ ન પ્રસરાય તેના માટે સુરતથી આવતા તમામ લોકોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. તમામ લોકોનું કોરોનાની રેપિડ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે, જેથી ખબર પડી શકે તે સુરતમાંથી અમદાવાદમાં આવતા કોઈ વ્યક્તિમાં તેના લક્ષણો છે કે નહીં, જો તંત્રને તેવો શંકાસ્પદ કેસ દેખાશે તો તાત્કાલિક પગલા ભરી શકે તેના માટે શહેરમાં પ્રવેશ માર્ગ પર પોલીસ અને હેલ્થની ટીમો તૈનાત કરી દેવામાં આવી છે.

સુરતથી અમદાવાદ આવતી જતી એસટી બસનું સંચાલન બંધ કરવામાં આવ્યા બાદ દક્ષિણ ગુજરાતમાંથી આવતી બસોને અન્ય કોઈ જિલ્લામાં જવું હોય તો પણ તેને અમદાવાદમાં પ્રવેશ આપવામાં નહીં આવે.

### અંતરનાં આયનામાં....
### (લેખાંક - ૯)
### વર્ષા જાની

ગયા અંકનું અધૂરું....



તંદુરસ્ત મન આત્માને ઉંચાઈ પર લઈ જાય છે, આત્મજ્ઞાનનું પોષણ કરનારું સાબિત થાય છે. પછી ભલેને એનાં માટે કેટલુંક ત્યાગ કરવું પડે ! કેટલાક ત્યાગ જીવનો ઉદ્ધાર કરનારા નીવડે તો એ ત્યાગ પણ અપનાવી લેવા જોઈએ

સંસ્કૃતમાં સુભાષિત છે ને..

त्यजेदेकं कुलस्यार्थे
ग्रामस्यार्थे कुलं त्यजेत् ।
ग्रामं जनपदसयार्थे आत्मार्थे
पृथिवीं त्यजेत्।।

કુળના ભલા માટે એક વ્યક્તિનો ત્યાગ કરાય,

ગામનાં હિત માટે કુળનો ભોગ અપાય, દેશના હિત માટે આખા ગામનું નુકસાન સહન કરી લેવાય, અને આત્મજ્ઞાન માટે દુનિયાભરના સુખો નો ત્યાગ કરાય, જતાં કરાય.

કુળનું ભલું ઈચ્છતા હોઈએ ત્યારે કુળની કોઈ એકાદ વ્યક્તિ નડતર રુપ બનતી હોય, કે કુળની આબરૂ કાઢવા બેઠી હોય ત્યારે કુળનું ભલું કરવા માટે એની સાથે છેડો ફાડવાની વાત પણ કાઢી નાંખવા જેવી નથી, એક ગામનાં ભોગે દેશનું હિત થતું હોય તો એ પણ સ્વીકાર્ય બને, અને જો આત્મજ્ઞાન લાધતું હોય તો સમગ્ર

ભૌતિક સુખોનો ત્યાગ યોગ્ય જ છે ને !

તેન ત્યક્તેન ભુંજીથા... ની જેમ ત્યાગીને ભોગવી જાણે એનો આનંદ કંઈક અનેરો જ હોય. અને એ આનંદ પામનારા મહા ભાગ્યશાળી જ ગણાય. પહેલાના જમાનામાં દરેક લોકો, પછી રાજા, મહારાજા હોય કે સામાન્ય નાગરિક સઘળું છોડીને વનગમન કરતાં. સાચા અર્થમાં વાનપ્રસ્થાશ્રમના નિયમોનું પાલન કરવામાં આવતું. વનજીવન, પ્રાકૃતિક જીવન જીવી ખરાં અર્થમાં તપોમય જીવન સેવતા.

જયારે હાલના યુગમાં ઘડપણ આવી જાય, તો પણ અંતિમ ક્ષણ સુધી જીજીવિષા જાતથી અળગી થતી જ નથી. પેલા દાદાની વાત છે ને કે એક દાદા ખૂબ બીમાર પડ્યા.દાદાનો ખાટલો ઓસરીમાં જ રાખેલો. ઘરનાં લોકોને દરરોજ એમ થાય કે નક્કી આજે તો દાદા નહીં રહે. ખરેખર એક દિવસ તો દાદા ને ખૂબ શ્વાસ ચડ્યો. એને દિકરાઓને, પોતરાંઓને કાંઈક કહેવું છે પણ બોલી શકતા ન હતાં. હાથ લંબાવી કંઈક કહેવાનો સતત પ્રયત્ન કરે, છોકરાઓને એમ થયું કે દાદાએ ક્યાંક ધનનો ડાબલો દાટી રાખ્યો હશે ને એ આપણને કહેવા માંગે છે ! જો મરી જશે તો આપણને નહી મળે. ગમે તેં ઉપાયે દાદાને બે ઘડી બોલતા કરો, એવામાં નાનો પૌત્રના સુજાવ મુજબ ડોક્ટરને બોલાવી મોંઘામાં મોંઘુ ઈન્જેકશન મરાવી દાદા બે ચાર શબ્દ બોલે એવું કર્યું. અને દાદા ખરેખર સામે હાથ લંબાવીને બોલ્યા બોલ્યા “ ઓલી વાછરડી સાવરણી ચાવી જાય છે ! “ને તરત પ્રાણ છૂટી ગયા. અંત સુધી જીજીવિષા છૂટતી જ ન હોય એ ત્યાગની કિંમત શું જાણી શકે ! જેને અલખની લગની લાગી હોય, રામનામની લગન લાગી હોય એ જ બધું છોડી શકે. એ જ સિદ્ધાર્થ માંથી ગૌતમ બુદ્ધ બની શકે, એ જ રાહુલ માંથી મહાવીર સ્વામી સંભવે !

જેને નારદમુનિ જેવા ઉદ્ધારક ગુરુ મળી જાય એ જ વાલિયા લૂંટારા માંથી વાલ્મિકી ઋષિ બની શકે. અને રામાયણ જેવા મહાન ગ્રંથ નો ઉદભવ શક્ય બને. જરૂરી છે મન ઉપર વિજય મેળવીને બુદ્ધિ ને વશ થવાની તો જ વાનપ્રસ્થ ખરાં અર્થમાં સાર્થક બનશે.

વર્ષા જાની
ભાવનગર
૧૨ જુલાઈ ૨૦૨૦

# જિલ્લામાં ૨૨૫ વિસ્તારોને માઈક્રો કન્ટેઈનમેન્ટ જાહેર કરાયા

ભાવનગર,તા.૧૧

ભાવનગરમાં ગઈકાલે એક સાથે ૭૧ કેસ પોઝિટિવ આવતા ખળભળાટ મચી ગયો છે. જેથી તંત્રએ ૧૦૯ની જગ્યાએ ભાવનગર જિલ્લામાં ૨૨૫ વિસ્તારોને માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કર્યાં છે. આ સાથે જ પોઝિટિવ આવેલા વિસ્તારને સેનેટાઈઝ કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ભાવનગર જિલ્લામાં જાણે કોરોનાનો રાફડો ફાટ્યો હોય તેમ કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. જેથી આરોગ્ય વિભાગમાં પણ દોડધામ મચી ગઈ છે અને પોઝિટિવ આવેલા વિસ્તારમાં સેનિટાઈઝની કામગીરી કરવામાં આવી રહી છે.

ભાવનગર જિલ્લામાં અત્યાર સુધીમાં ૫૦૦થી વધુ કેસ નોંધાઈ ચૂક્યા છે. ભાવનગર જિલ્લામાં કોરોનાનો કહેર વધી રહ્યો છે. ત્યારે સુરત સહિત અન્ય શહેરોમાંથી લોકો જિલ્લા આવવા લાગતા સંક્રમણ વધ્યું છે. આ સંજોગોમાં તંત્ર બહારથી આવતા લોકોને અટકાવી ન શકે પરંતુ ટેસ્ટ વધારવામાં આવે તો પરિણામ મળી શકે. આજ સુધીમાં જિલ્લામાંથી ૧૨૧૮૫ સેમ્પલ લેવામાં આવ્યા છે. તેની સામે જિલ્લાની વસ્તી ૨૫ લાખની આસપાસ છે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001